ક્રમાંક:માધ્ય/ખ – ૫/૨૦૧૭/૪૪૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
C/O. મોહનદાસ ગાંધી વિદ્યાલય
જ્યુબેલી બાગ પાસે,
રાજકોટ
તા.૨૮/૦૮/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ માધ્ય. અને ઉ.મા. શાળાઓ,
રાજકોટ જિલ્લો.

વિષય : શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીની નું નામ/અટક/પિતાનું નામ/જ્ઞાતિ/જન્મતારીખ/જન્મસ્થળ સુધારવા અંગેની દરખાસ્ત મોકલવા અંગેની સૂચનાઓ.

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીની નું નામ/પિતાનું નામ/અટક/જ્ઞાતિ/જન્મતારીખ/જન્મસ્થળ સુધારવા અંગેની દરખાસ્ત મોકલતી વખતે નીચેની બાબતો તેમજ જરૂરી આધારો સહ દરખાસ્ત રજૂ કરવી જેથી પૂર્તતાની ક્ષતિ રહેવા ન પામે અને સરળતાથી કચેરી કાર્યવાહી થઇ શકે.

પ્રથમ તો કોઇ પણ દરખાસ્ત કરતા પહેલા વિદ્યાર્થી/વિધાર્થીની ધોરણ ૯ કે ધોરણ ૧૦ ના વર્ગરજિસ્ટરમાં નોંધાયેલ હોય અથવા બોર્ડનું ફોર્મ ભરાયા પહેલા રજૂ કરવી.

1. <u>વિદ્યાર્થી/વિદ્યાર્થીની ના નામમાં સુધારો</u>
   - વાલીનું મેજિસ્ટ્રેટ સમક્ષનું અસલ સોગંદનામુ
   - વિદ્યાર્થી/વિદ્યાર્થીનીનું જન્મપ્રમાણપત્રની નકલ
   - સરકારી ગેઝેટની નકલ
   - રેશનકાર્ડની નકલ
2. <u>અટક અને પિતાના નામમાં સુધારો</u>
   - વાલીનું મેજિસ્ટ્રેટ સમક્ષનું અસલ સોગંદનામુ
   - વિદ્યાર્થી/વિદ્યાર્થીનીનું જન્મપ્રમાણપત્રની નકલ
   - ભાઇ – બહેનના જન્મપ્રમાણપત્ર/એલ.સી. ની નકલ
   - પિતાના એલ. સી./જન્મપ્રમાણપત્રની નકલ
   - દત્તક લીધેલ હોય તો દત્તક વિધાન દસ્તાવેજ/દત્તક ગ્રહણની નકલ
   - લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ(સબ રજિસ્ટ્રાર દ્વારા અધિકૃત)

3. <u>જન્મતારીખમાં સુધારો</u>

- વાલીનું મેજિસ્ટ્રેટ સમક્ષનું અસલ સોગંદનામુ
- વિદ્યાર્થી/વિદ્યાર્થીનીનું અસલ જન્મપ્રમાણપત્ર અથવા તેની પ્રમાણિત નકલ(જન્મપ્રમાણપત્રની ખરાઇ કરવાની જવાબદારી જે – તે શાળાની રહેશે)
- ભાઇ – બહેનના જન્મપ્રમાણપત્ર/એલ.સી. ની નકલ
- રેશનકાર્ડની નકલ

4. <u>જન્મસ્થળમાં સુધારો</u>

- વાલીનું મેજિસ્ટ્રેટ સમક્ષનું અસલ સોગંદનામુ
- વિદ્યાર્થી/વિદ્યાર્થીની ના જન્મપ્રમાણપત્રની નકલ

5. ધર્મ અને જાતિમાં સુધારો

- વાલીનું મેજિસ્ટ્રેટ સમક્ષનું અસલ સોગંદનામુ
- પિતાના એલ.સી. ની નકલ
- પિતાના જ્ઞાતિ પ્રમાણપત્રની નકલ (સમાજ કલ્યાણ અધિકારીનું)
- ભાઇ – બહેનના એલ.સી./જ્ઞાતિ પ્રમાણપત્રની નકલ (સમાજ કલ્યાણ અધિકારીનું)
- મામલતદાર દ્વારા અપાયેલ જ્ઞાતિ પ્રમાણપત્રની નકલ
- જો દત્તક લીધેલ હોય તો વિદ્યાર્થી/વિદ્યાર્થીની ની ધર્મ અને જાતિમાં ફેરફાર થાય છે કે નહિ ? તે અંગેની સ્પષ્ટતા વાલીએ સોગંદનામામાં કરવાની રહેશે.

<u>નોંધ :</u>

(1) અસલ સોગંદનામા સિવાય ના બધા જ આધારો <u>ખરી નકલ સાથે</u> જ રજૂ કરવાના રહેશે.

દરેક દરખાસ્તમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીના અગાઉના એલ. સી./જી.આર. ની નકલ, રેશનકાર્ડની નકલ, વાલી તેમજ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીના ફોટો આઇ.ડી. પ્રુફની નકલ અવશ્ય જોડવાની રહેશે. સેલ્ફ ફાઇનાન્સ (સ્વનિર્ભર) શાળાઓએ શાળાને મળેલ જે -તે વર્ગના મંજૂરી/માન્યતા પ્રમાણપત્રની નકલ અવશ્ય જોડવાની રહેશે.

(2) ગુજરાત શિક્ષણ વિભાગના વિનિયમ 1974 ના નિયમ 12 – ક(6) મૂજબ વિદ્યાર્થીએ ખરેખર શાળા છોડી દિધા પછી શાળા રેકર્ડમાની નોંધોમાં કોઇ ફેરફાર કરી શકાશે નહિ. અલબત, સાચી જન્મતારીખના સમર્થન રૂપે કોઇપણ પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ સમક્ષ જરૂરી પૂરાવો રજૂ કરવાનો અને ખાત્રી થયે, તમામ હેતુઓ માટે સાચી જન્મતારીખથી માન્ય સાબિતી તરીકે સ્વીકાર્ય હોય તેવી જન્મતારીખના સંબંધમાં તેની પાસેથી પ્રમાણપત્ર મેળવવાનો જ માર્ગ રહે છે.

(3) શાળા છોડી દિધેલ કે ભૂતપૂર્વ વિદ્યાર્થી/વિદ્યાર્થીની ની દરખાસ્ત અત્રેની કચેરીને ન મોકલતા આચાર્યશ્રીએ શાળા કક્ષાએથી પ્રત્યુતર પાઠવવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

રાજકોટ